# 'નિયાંપો'

**શ્રી કચ્છી મિત્ર મંડળ**
**હૈદરાબાદનું મુખપત્ર**

વર્ષ : ૨૦ અંક : ૨૪૭

પ્રમુખ
**સુશીલ ધીરજલાલ કાપડિયા**
મો. ૯૩૯૩૩ ૧૯૩૩૩

માનદ્ મંત્રી
**પ્રેમચંદ કેશવજી છેડા**
મો. ૯૩૪૬૦ ૫૪૬૬૦

સંપાદિકા
**દર્શના દિનેશ દેઢિયા**
ફોન. ૬૬૪૬ ૩૬૯૫,
મો. ૮૧૦૬૪ ૦૭૧૯૧

સહ-સંપાદક
**રમેશ મણીલાલ શાહ**
ફોન. ૨૪૭૫ ૧૮૭૫,
મો. ૯૪૪૦૯ ૯૬૬૫૨

*કાર્યાલય*
**શ્રી કચ્છી મિત્ર મંડળ**
શ્રી કચ્છી ભવન, ૩-૫-૧૪૨,
ઈડનબાગ, રામકોટ,
હૈદરાબાદ ૫૦૦ ००૧.
ફોનઃ ૨૪૭૫૨૩૮૩, ૬૫૯૪૨૩૮૩
email : hydkmm@gmail.com
Web : www.kutchibhavanhyd.org

મુદ્રક : **ચંદ્રપ્રભા ગ્રાફિક્સ**
૩૭, રૉયલ પ્લાઝા,
સુલતાન બજાર, હૈદરાબાદ-૯૫
ફોન ૦૪૦-૬૬ ૭૮૦ ૭૮૦
email :chandraprabhagraphics@gmail.com

કિંમત - રૂ. ૧/-


"નિયાંપો" માં પ્રગટ થતા કોઈ પણ લેખ, માહિતી, કે જાહેરાત માટે મંડળ કે સંપાદકોની કોઈ જવાબદારી રહેશે નહી, જેની નોંધ લેવા વિનંતી.



## પ્રમુખશ્રીનો સંદેશ

સુશીલ ધીરજલાલ કાપડિયા

જય જીનેન્દ્ર,

દિવાળી આવી, નવું વર્ષ આવી ગયું, નાતાલ આવી અને આંતરરાષ્ટ્રીય નવું વર્ષ પણ આવ્યું. ઘણા તહેવાર આવ્યા ખૂબ ઉજવ્યાં.

હવે સમય આવ્યો છે પરિશ્રમ કરવાનો. પરીક્ષાઓના દિવસ નજીક આવી રહ્યાં છે. વિદ્યાર્થીઓ ચીવટથી તૈયારી કરી રહ્યા છે. એમનાં માતા પિતાની ઊંઘ પણ ઉડી ગઈ છે. તનતોડ મહેનત તો કરવી જ જોઈએ.

વિદ્યાર્થીઓએ ભણવા માટે એક સુયોજીત ટાઈમ ટેબલ બનાવવો જોઈએ અને દરેક રીતે ડીસીપ્લીન જાળવવી જોઈએ. ટાઈમ પર અને પોષક આહાર લેવો. જોઈતા પ્રમાણમાં ઊંઘ કરવી. સાથે થોડી કસરત, આ સમય મા-બાપ માટે પણ એટલો જ સ્ટ્રેસફુલ છે.

બધાં વિદ્યાર્થીઓ સારી રીતે પરિક્ષાઓમાં ઉત્તીર્ણ થાય એવી શુભકામના સાથે...

**Happy New Year to you all,**

**The celebrations and Festival time is over and now it is exam times and I am sure all the children, appearing for their respective exams are studying hard and are under great pressure to do well.**

**The students should have a well planned time table and the discipline to follow it. Along with the studying part, eating proper food on time and having a good nights sleep is very important.**

**Its a stressful period not only for the children but also for their parents. I wish all the students ALL THE VERY BEST FOR THIER EXAMS.**

હવે આપ વેબ સાઈટ ઉપર "નિયાંપો" વાંચી શકો છો
www.kutchibhavanhyd.org., http://www.asanjokutch.com



# માનદ્ મંત્રીશ્રીનો અહેવાલ

પ્રેમચંદ કેશવજી છેડા

- ❊ ડીસેમ્બર - જાન્યુઆરી માસ દરમ્યાન લગ્ન વગેરે પ્રસંગે ભવનનો સારો એવો લાભ સભ્યો તેમજ અન્યો દ્વારા લેવામાં આવ્યો હતો. ફેબ્રુઆરી માસમાં પણ બુકીંગ સારૂં છે.
- ❊ તા. ૯ અને ૧૦ જાન્યુઆરીના શ્રી કચ્છી મિત્ર મંડળ દ્વારા ભવનમાં ગુજરાતી ઈતિહાસ પરિષદના ૨૧ મા જ્ઞાનસત્રનું આયોજન કરવામાં આવેલ, જેમાં લગભગ ૨૫ ઈતિહાસકારોનું ડેલીગેશન ગુજરાતથી પધારેલ. તા. ૯-૧-૨૦૧૬ નાં ઉદ્‌ઘાટન દીપ પ્રજ્વલન પ્રસંગે સમાજના લગભગ ૩૦ સભ્યો હાજર રહ્યા હતા, કાર્યક્રમનું પ્રમુખ સ્થાન ટ્રસ્ટી શ્રી હરીલાલ ભીમશી સાવલાએ સંભાળ્યુ હતું, કાર્યક્રમમાં મંડળ દ્વારા ચાલતી પ્રવૃત્તીઓ અને મંડળના ઈતિહાસની જાણકારી આપવામાં આવી હતી, ગુજરાત ઈતિહાસ પરિષદનાં પ્રમુખ દ્વારા પરિષદનો પરિચય અને એમના દ્વારા ચાલતી પ્રવૃત્તીઓની વિવિધ જાણકારી આપવામાં આવી હતી. ૨૧ મા જ્ઞાનસત્ર યોજવા બદલ શ્રી કચ્છી મિત્ર મંડળ અને પદાધિકારીઓનો આભાર વ્યક્ત કર્યો હતો, શ્રી પ્રતાપ જાડેજા તરફથી એક વખત ભોજનની વ્યવસ્થા એમની હોટલમાં કરવામાં આવી હતી. ખૂબજ આભાર. કાર્યક્રમનાં સંચાલક શ્રી દીનેશ ગોસર અને શ્રી પ્રદીપ સંઘવીનો ખૂબ-ખૂબ આભાર. કાર્યક્રમમાં સાથ અને સહકાર આપવા બદલ શ્રી અશ્વીન પ્રભુલાલ શાહ અને શ્રેયાંસ કીરણ શાહનો ખુબ-ખૂબ આભાર.
- ❊ તા. ૧૯-૧-૨૦૧૬નાં મંડળના સ્થાપક-સખીદાતા-દીર્ઘદ્રષ્ટા કર્મવીર સ્વ. શ્રી ટોકરશી લાલજી કાપડીયાના જન્મ શતાબ્દીનાં સુઅવસરે ઋણ સ્વીકાર સહ ભાવાંજલિનો કાર્યક્રમ શ્રી કચ્છી ભવનમાં મંડળનાં મેનેજીંગ ટ્રસ્ટી શ્રી ધનજી લખમશી સાવલાનાં પ્રમુખ પદે યોજવામાં આવેલ, અતિથિ વિશેષ તરીકે જૈન સમાજ રત્ન શ્રી સુરેન્દ્રમલજી લુણિયા અને વિશ્વહિન્દુ પરિષદનાં આંતર્રાષ્ટ્રિય પ્રમુખ શ્રી જી. રાઘવરેડ્ડી રહ્યાં હતા. કાર્યક્રમમાં હૈદરાબાદ અને સીકન્દ્રાબાદની વિભિન્ન સંસ્થાઓનાં પદાધિકારીઓએ ભાવાંજલિ અર્પિત કરેલ. કાર્યક્રમમાં લગભગ ૨૦૦ સભ્યો હાજર રહ્યાં હતાં, અલ્પાહાર શ્રી કાપડીયા પરિવાર દ્વારા રાખવામાં આવેલ. ખૂબ-ખૂબ આભાર, કાર્યક્રમમાં સંચાલક શ્રી પ્રદીપ સંઘવી અને શ્રી દિનેશ ગોસરને ખૂબ ખૂબ અભિનંદન.

## કચ્છી ભવન બુકીંગ અંગે :

**નોન મેમ્બરની ભવન બુકીંગ હમણાં સુધી ૯૦ દિવસે કન્ફર્મ થતી હતી જે તા. ૧-૪-૨૦૧૬ થી અમલમાં આવે એ રીતે ૧૨૦ દિવસે કન્ફર્મ કરવાનું તા. ૨૫-૧-૨૦૧૬ની મંડળના ટ્રસ્ટબોર્ડ તથા કારોબારીની સંયુક્ત સભા ક્રમાંક ૯ માં સર્વાનુમતે નક્કી કરવામાં આવેલ છે જેની મંડળના સભ્યોએ નોંધ લેવા વિનંતિ.**

**- માનદ્ મંત્રી**



# સંપાદકીય

સંપાદિકા : **દર્શના દિનેશ દેઢિયા**
સહ સંપાદક : **રમેશ મણીલાલ શાહ**

ફરિયાદો કરવી કે મફતમાં વણમાગી સલાહો આપવી એ આપણો સ્વભાવ થઈ ગયો છે. બીજાને તેમની ફરજો યાદ કરાવીએ છીએ પરંતુ પોતાના કર્તવ્યો નિભાવતા નથી - ભુલી જઈએ છીએ. હાલમાંજ GHMCની ચુંટણીઓ થઈ ગઈ. ઘણા ઉમેદવારો હતા જેમાં ભણેલા પણ હતા. તેઓ ચુંટાઈ આવતા GHMCની કાર્યવાહી સુધરત અને આપણે - જાહેર જનતાને સારો ફાયદો થાત.

**પણ આપણે વોટ આપવા ગયા ? કે અચાનક મળેલી છુટી માણી.**

આપણે આપણી ફરજ સમજી સારી વ્યક્તિઓને મત આપી તેઓને આવકારવા જોઈએ જેથી નવા અને સારા કાર્યો થાય. દેશમાં જાહેર મતદાન હોય કે પછી સંસ્થાની સમિતિના, આપણી ફરજ છે કે મતદાન કરવું. પાછળથી ફરિયાદ કરવાનો કોઈ અર્થ નથી. નવા ચુંટાઈ આવેલાની સામે પ્રશ્નો હોવા પણ જરૂરી છે. પ્રશ્નોજ ન હોય તો બધું પૂર્વવત ચાલ્યા જ કરે. તેથીજ જ્યારે આપણને મોકો હોય અને Choice હોય તો તે પસંદગીપર મહોર જરૂરથી મારવી જોઈએ.





## શ્રી કચ્છી મિત્ર મંડળ દ્વારા
## સાદાઈ-લગ્ન પ્રોત્સાહન યોજના

**મંડળના સભ્ય પરિવારોમાંથી કોઈપણ સભ્યને લગ્ન-પ્રસંગને સાદાઈથી ઉજવવા માગતા હશે તેમને મંડળના ઉપલબ્ધ હોલમાં બને પક્ષ તરફથી ૫૧-૫૧ વ્યક્તિઓની હાજરીમાં રૂા. ૧૦૦૧ મંડળમાં ભરી કરાવી શકશે. ભોજનની વ્યવસ્થા પણ મંડળ તરફથી રહેશે તેમજ અન્ય કોઈપણ ચાર્જ લેવામાં આવશે નહિં.**

**મંડળના સભ્ય પરિવારોને નમ્ર વિનંતિ છે કે આ યોજનામાં સહભાગી થઈ પરિવારના લાખો રૂપિયાની બચત પોતાના પરિવારના વ્યવસાય કે અન્ય ઉત્થાન ક્ષેત્રે લગાડી ખુશહાલી લાવી શકે, અને સમાજમાં ઉદાહરણ રૂપ દાખલો બેસાડી શકે.**

**વધુ માહિતી માટે સંપર્ક :**
**માનદ્ મંત્રી : પ્રેમચંદ કેશવજી છેડા-૯૩૪૬૦ ૫૪૬૬૦,**
**સહમંત્રી : દિનેશ કલ્યાણજી ગોસર - ૯૨૪૬૧ ૯૯૦૧૧**

# શ્રી કચ્છી મિત્ર મંડળ આયોજિત

## મંડળના સખીદાતા - દીર્ઘદ્રષ્ટા - કર્મવીર

## સ્વ. શ્રી ટોકરશી લાલજી કાપડિયા ની (૧૯૧૬ - ૨૦૧૬) જન્મ શતાબ્દી નિમિત્તે

# ઋણ સ્વીકાર

શ્રી કચ્છી મિત્ર મંડળની સ્થાપનાથીજ મંડળ સાથે તન-મન-ધનથી સંકળાયેલા સ્થાપક સભ્યોમાંના એક એવા માનનીય વડિલ સ્વ. શ્રી ટોકરશી લાલજી કાપડિયાની જન્મ શતાબ્દીના સુઅવસરે ઋણ સ્વીકાર સહ ભાવાંજલિનો કાર્યક્રમ મંડળ દ્વારા મંગળવાર તા. ૧૯-૧-૨૦૧૬ ના કચ્છી ભવન મધ્યે મંડળના મેનેજીંગ ટ્રસ્ટી, જૈન રત્ન વડિલશ્રી ધનજીભાઈ લખમશી સાવલાના પ્રમુખપદે યોજવામાં આવેલ. કાર્યક્રમના અતિથિવિશેષ તરીકે વિશ્વ હિન્દુ પરિષદના આંતરાષ્ટ્રીય પ્રમુખશ્રી જી. રાઘવ રેડ્ડીજી તથા જૈન રત્ન શ્રી સુરેન્દ્રમલજી લુણિયા ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં શ્રી ટોકરશીભાઈની છબીને એમના સુપુત્રો સ્વ. શ્રી ધીરજભાઈ તથા શ્રી કીર્તિભાઈના પરિવારજનો દ્વારા માળા અર્પણ કરવામાં આવી. મંચ પર બિરાજમાન સર્વે મહાનુભવો તથા પરિવારજનો દ્વારા દીપ પ્રજ્વલન કરવામા આવેલ. કાર્યક્રમના પ્રમુખશ્રી ધનજીભાઈ સાવલાનું સ્વાગત શ્રી કીર્તિભાઈ કાપડિયા દ્વારા કરવામાં આવ્યું. અતિથિવિશેષ શ્રી જી. રાઘવ રેડ્ડીજીનું સ્વાગત શ્રી સુશીલભાઈ કાપડિયા તથા શ્રી સુરેન્દ્રમલજી લુણિયાનું સ્વાગત મંડળના ખજાનચી શ્રી રાજીવ મામણિયા તથા સહ ખજાનચી શ્રી જયંત ગડા દ્વારા કરવામાં આવ્યું.

આ પ્રસંગે વિશેષ સ્મૃતિ ચિહ્ન શ્રીમતિ લીલમબેન ધીરજલાલ કાપડિયા ને શ્રીમતી કસ્તુરબેન ધનજી સાવલાના હસ્તે તથા શ્રી કીર્તિભાઈ કાપડિયાને શ્રી અમૃતલાલ ભાણજી નિશર અને શ્રીમતિ મણીબેન રતનશી ગોગરીના હસ્તે અર્પણ કરવામાં આવેલ.

મંડળના પ્રમુખશ્રી સુશીલભાઈ કાપડિયાએ સ્વાગત પ્રવચન કરેલ. મંડળના મે.ટ્રસ્ટી અને કાર્યક્રમના પ્રમુખશ્રી ધનજીભાઈ સાવલાએ પ્રાસંગિક પ્રવચન રજુ કરેલ. અતિથિવિશેષ શ્રી જી. રાઘવ રેડ્ડીજી તથા શ્રી સુરેન્દ્રમલજી લુણિયાએ એમની સ્મૃતિઓને યાદ કરી વિશેષ પ્રસંગોની રજૂઆત કરેલ. મંડળના સહમંત્રી શ્રી દિનેશભાઈ ગોસર દ્વારા સ્વ. શ્રી ટોકરશીભાઈના સંપૂર્ણ જીવનને આવરી લેતી જીવન ઝરમરને સંક્ષિપ્તમાં રજૂ કરવામાં આવેલ. આ વિશેષ પ્રસંગે હૈદરાબાદ - સિકન્દ્રાબાદ ની વિવિધ સંસ્થાઓ શ્રી ગુજરાતી પ્રગતિ સમાજ, મહાવીર હોસ્પીટલ, ગાંધી જ્ઞાન મંદિર, શ્રી કચ્છી વિશા ઓસવાલ સમાજ, શ્રી કચ્છી દશા ઓસવાલ જ્ઞાતિ મહાજન, શ્રી કચ્છી ગુર્જર જૈન પરિવાર, કચ્છી ઓસવાલ મ્યુચ્યુઅલી એડેડ કો-ઓપ ક્રેડિટ સોસાયટી લિ. (કચ્છી બેંક), શ્રી અચલગચ્છ જૈન સંઘ હૈદરાબાદ (સિટી), શ્રી અચલગચ્છ જૈન સંઘ-ચૈતન્યપુરી, શ્રી સ્થાનકવાસી જૈન સંઘ, શ્રી જૈન સેવા સંઘ તથા શ્રી કચ્છી કડવા પાટીદાર સમાજના પદાધિકારીઓએ સ્વ. શ્રી ટોકરશીભાઈની છબીને પુષ્પાંજલિ સહ ભાવાંજલિ અર્પણ કરી પ્રાસંગિક પ્રવચન આપેલ.

કાર્યક્રમનું સફળ સંચાલન શ્રી પ્રદીપભાઈ સંઘવી દ્વારા કરવામાં આવ્યું તેમજ આભારવિધિ પૂર્વ માનદ્ મંત્રી શ્રી પંકજભાઈ હીરજી સાવલાએ કરેલ. કાર્યક્રમના કન્વીનરો શ્રી પ્રદીપભાઈ કેશવલાલ સંઘવી તથા સહમંત્રી શ્રી દિનેશભાઈ કલ્યાણજી ગોસર દ્વારા ટૂંક સમયમાં આ કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવ્યું. આ પ્રસંગે અલ્પાહારની વ્યવસ્થા સ્વ. શ્રી ટોકરશીભાઈ લાલજી કાપડિયાના પરિવારજનો તરફથી કરવામાં આવેલ.

શ્રી કચ્છી મિત્ર મંડળના સખીદાતા-દીર્ઘદ્રષ્ટા-કર્મવીર

# સ્વ. શ્રી ટોકરશી લાલજી કાપડિયા ની જન્મ શતાબ્દી નિમિત્તે નિયાંપો ઋણ સ્વીકાર વિશેષાંક

આપ સ્વ. શ્રી ટોકરશીભાઈ કાપડિયાના પરિચયમાં હો. આપ એમના જીવના વિશે માહિતગાર હો, આપની સાથે એમનો અંગત કે જાહેર પરિચય કેળવાયેલો હોય કે વિશેષ સ્મૃતિઓ જોડાયેલી હોય તો આપ સૌને નમ્ર વિનંતિ કરીએ છીએ કે એમના જીવન વિશે સંક્ષિપ્તમાં લખાણ આગામી માર્ચ ૨૦૧૬ ના નિયાંપો વિશેષાંક માટે ૨૮ ફેબ્રુઆરી ૨૦૧૬સુધી જરૂરથી મોકલશો. ખાસ કરીને તેઓશ્રીના અલભ્ય ફોટોગ્રાફ આપના સંગ્રહમાં હોયતો જરૂરથી મોકલવા વિનંતિ.

માનદમંત્રી/સંપાદક

## મહિલા સમિતિ

સંચાલિકા : દર્શના સાવલા
ફોન. ૯૦૩૨૭ ૬૭૧૧૧

**શ્રી કચ્છી મિત્ર મંડળ મહિલા સમિતિ પ્રસ્તુત કરે છે**

# *WOMEN'S DAY CELEBRATIONS*

**on Saturday, 5th March 2016**

**સ્થળ : કચ્છી ભવન, રામકોટ, હૈદરાબાદ**

**સમય : બપોરના ૩.૩૦ થી ૬.૦૦**

***Women's Day Celebration Grand Success***

કરવા માટે વધુમાં વધુ સંખ્યામાં જરૂરથી આવવાનું રાખશો.

અલ્પાહારની વ્યવસ્થા રાખવામાં આવેલ છે.

**ખાસ નોંધ : બપોરના ૪.૦૦ વાગ્યા પછી આવનારને રૂ. ૨૦/- ભરી અલ્પાહારનાં કૂપન લેવાનાં રહેશે**

॥ શ્રી શાંતિનાથાય નમઃ ॥

# શ્રી અચલગચ્છ જૈન સંઘ હૈદરાબાદ (સિટી)

## શ્રી શાંતિનાથ જિનાલયની ૧૫મી વર્ષગાંઠ ધ્વજારોહણના શુભ પ્રસંગે

# સકલ સંઘને સ્નેહભર્યું આમંત્રણ

| | | |
|---|---|---|
| દિવ્ય કૃપા : | શાસન સમ્રાટ, અચલગચ્છાધિપતિ | પ.પૂ.આ.ભ. શ્રી ગુણસાગરસૂરિશ્વરજી મ.સા. |
| શુભાશિષ : | તપસ્વીરત્ન, અચલગચ્છાધિપતિ | પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા. |
| | સાહિત્ય દિવાકર, દક્ષિણ દીપક | પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા. |

શુભનિશ્રા દાતા : પ.પૂ. જ્યોતિષાચાર્યશ્રી સર્વોદયસાગરજી મ.સા.ના શિષ્યરત્ન
૯મા વર્ષીતપના આરાધક શ્રી જગવલ્લભસાગરજી મ.સા.

સાધર્મિક બંધુ જોગ.......

પ્રભુ ભક્તિના અમૃતાનુષ્ઠાન સમા દુર્ગતિ દુઃખ નિવારક પરમ આનંદદાયક, આધ્યાત્મક અને સમકિત બીજ પ્રાપક સર્વ દુઃખ મુક્તિરૂપ મોક્ષદાયક એવા શાંતિદાતા પરમાત્મા **શ્રી શાંતિનાથ ભગવાન** આદિ પ્રભુના અંજનશલાકા, પ્રતિષ્ઠા થયાના ૧૫ માં વર્ષની પુર્ણાહુતિએ વિક્રમ સંવત ૨૦૭૨ના મહા વદ ૭ સોમવાર તા. ૨૯-૨-૨૦૧૬ના દિવસે ધ્વજારોહણ કાર્યક્રમ રાખવામાં આવેલ છે.

## ધ્વજારોહણના કાયમી લાભાર્થીઓ

| | | |
|---|---|---|
| મુખ્ય ધ્વજા શ્રી શાંતિનાથ પ્રભુ | શેઠશ્રી મણીકાંત મેઘજી મોમાયા પરિવાર | વરાડીયા |
| શ્રી શ્રેયાંસનાથ પ્રભુની ધ્વજા | શેઠશ્રી લીલાધર જીવરાજ નાગડા પરિવાર | વરંડી મોટી |
| શ્રી નમિનાથ પ્રભુની ધ્વજા | શેઠશ્રી લક્ષ્મીચંદ મેઘજી નાગડા પરિવાર | નરેડી |
| શ્રી વાસુપૂજ્ય સ્વામિની ધ્વજા | શેઠશ્રી દામજી જીવરાજ નાગડા પરિવાર | વરંડી મોટી |
| જૂના મૂળનાયક શ્રી શાંતિનાથ પ્રભુની ધ્વજા | શેઠશ્રી મણીકાંત મેઘજી મોમાયા પરિવાર | વરાડીયા |

## માંગલિક કાર્યક્રમ

સંવત ૨૦૭૨ મહા વદ ૬ રવિવાર તા. ૨૮-૨-૨૦૧૬ સવારના ૯.૦૦ વાગે

**પરમ શુદ્ધિ શ્રી અઢાર અભિષેક**

સંવત ૨૦૭૨ મહાવદ ૭ સોમવાર તા. ૨૯-૨-૨૦૧૬

**સવારના ૧૧.૦૦ વાગે સતરભેદી પૂજા, દરમ્યાન બપોરના ધ્વજારોહણ વિધિ રહેશે.**

❁ ધ્વજારોહણ વિધિ બાદ સ્વામીવાત્સલ્યના લાભાર્થી ❁

**ધ્વજારોહણના કાયમી લાભાર્થી પરિવારો**

વિધિ-વિધાન માટે શ્રી રાજાભાઈ નંદુ, મુંબઈથી પોતાની સંગીત મંડળી સાથે પધારશે.

**સતરભેદી પૂજા દરમ્યાન વાર્ષિક ચઢાવા લેવામાં આવશે.**

ઉપરોક્ત પ્રસંગે હાજર રહી શાસનની શોભામાં અભિવૃદ્ધિ કરશોજી.

**લી. શ્રી અચલગચ્છ જૈન સંઘ હૈદરાબાદ (સિટી) વતિ**

(જા.ખ.)

| | | |
|---|---|---|
| ધનજી લખમશી સાવલા | દામજી જીવરાજ નાગડા | પોપટલાલ કેશવજી છેડા |
| ચેરમેન | વાઈસ ચેરમેન | મેનેજિંગ ટ્રસ્ટી |

તથા સર્વે ટ્રસ્ટીગણના જય જિનેન્દ્ર

**શુભ સ્થળ : શ્રી જિનેશ્વરધામ, ૩-૪-૨૧૭, કાચીગુડા સ્ટેશન રોડ, હૈદરાબાદ - ૫૦૦ ૦૨૭.**
**ફોન : ૦૪૦-૨૭૫૫ ૧૬૦૫, ૬૫૯૭ ૬૭૫૫**

# માનવ મિત્ર સમિતિ

સંચાલક :
**હરિલાલ ભીમશી સાવલા**

તા. ૨૬-૧-૨૦૧૬ ના ગણતંત્ર દિવસે માનવમિત્રના સભ્યો, મૂઠીભર અનાજના વોલીન્ટરો તેમજ સમાજના કારોબારી સભ્યો, સમાજના અન્ય સભ્યો સાથે મળીને હૈદ્રાબાદ સ્થીત અનુરાગ હ્યુમન સર્વીસ (મેન્ટલી રીટાર્ડેડ-સીનીયર સીટીજન) સંસ્થાના બાળકો સાથે ધ્વજ વંદનના કાર્યક્રમનો આયોજન કરેલ. ધ્વજવંદન શ્રીમતી લીલમબેન ધીરજલાલ કાપડીયાનાં શુભ હસ્તે કરવામાં આવેલ. અનુરાગ હ્યુમન સર્વીસના કાર્યકાર્તાઓની હાજરી પણ હતી. કુલ્લ ૨૨૫-૨૫૦ જણની ઉપસ્થિતી હતી. શ્રી તેજશ ગાલાએ કાર્યક્રમની જવાબદારી લીધેલ. આશ્રમના બાળકો બાલીકોઓએ ડાન્સ-ગીતનો કાર્યક્રમ આપેલ. આપણા મૂઠીભર અનાજના વોલીન્ટરોએ કાર્યક્રમ આપેલ તેમાં વોલીન્ટર કરણ ગાલા તેમજ સૌરભ ગાલાએ પણ કાર્યક્રમ આપેલ. આપણા સમાજના કારોબારી સમિતિના સભ્યો શ્રી દિનેશ ગોસર, શ્રી જયંત ગડા તેમજ શ્રી રાજીવ મામણીયા, શ્રીમતિ વાસંતી શાહની કાર્યક્રમમાં હાજરી હતી. કાર્યક્રમ બાદ સ્વાદિષ્ટ જમણ દાતા શ્રી લક્ષ્મીચંદ ખીમજી છેડા તરફથી રાખવામાં આવેલ જે માટે અમો તેમના આભારી છીએ. ઉપરોક્ત કાર્યક્રમને સફળ બનાવવા માટે નીચે મુજબના દાતાઓએ યોગદાન આપેલ. સર્વ રકમ અનુરાગ હ્યુમન સર્વીસને ફર્નીચર માટે અર્પણ કરવામાં આવી.

| | | |
|---|---|---|
| રૂ. | ૨૫૦૦૦ | ડૉ. રીટા હરીશ (સુપુત્ર કાર્તિક ગાલાના જન્મદિન નિમિત્તે) |
| રૂ. | ૧૬૦૦૦ | શ્રી કચ્છી મિત્ર મંડળ તરફથી ફર્નીચર માટે |
| રૂ. | ૧૧૦૦૦ | માતુશ્રી મોંઘીબેન લક્ષ્મીચંદ નાગડા |
| રૂ. | ૫૦૦૦ | શ્રી ટી.એલ. કાપડીયા ચેરીટેબર ટ્રસ્ટ |
| રૂ. | ૧૧૦૦ | શ્રીમતી ચંદ્રાબેન સાવલા |

આ ઉપરાંત નીચે મુજબની જરૂરીયાતની વસ્તુઓ મળેલ જેની નોંધ.

૧) પ્લાસ્ટીક પ્લેટો ૧૫૦ વિદ્યાર્થીઓને શ્રી લક્ષ્મીચંદ ખીમજી છેડા તરફથી
૨) ૨૦૦ સેટ (પાંચ બોલ પેન) - આશ્રમના વિદ્યાર્થીઓ - શિક્ષકગણ તેમજ સીનીયર સીટીજનને શ્રી પ્રફુલ્લ કે. ધરોડ તરફથી
૩) ૧૫૦ નંગ સ્ટીલ મગ - શ્રી ધીરજ ધુલા તરફથી
૪) ૬૫ જરૂરી ચીજવસ્તુઓ મૂઠીભર અનાજના વોલીન્ટરોએ પોતાના એરીયામાંથી મેળવીને આશ્રમના બાળકો માટે આપેલ જેની નોંધ.

| | |
|---|---|
| ૧) ટૂથપેસ્ટ - કુ. નેહલ ભરત સાવલા | ૨) હેર ઓઈલ - શ્રી હરીભાઈ-આનંદ સ્વીટવાળા |
| ૩) નહાવાનો સાબુ - કુ. હેમાંગીની વિનોદ સાવલા | ૪) સર્ફ - શ્રી હર્ષદ ગડા |
| ૫) ટુવાલ - શ્રી ઉમેશ નરેન્દ્ર વોરા | ૬) નેપકીન - શ્રી પ્રફુલ્લ કુંવરજી ધરોડ |
| ૭) ટૂથબ્રશ - શ્રી હર્ષદ ગડા | ૮) રિન સાબુ - તનમય વિલેશ ગાલા |

૯) ૨૧ નંગ બેડ સીટ - સ્ટાફ અને કર્મચારીઓ માટે (અનુરાગ આશ્રમના) કુ. ભૂમિક ગડા તરફથી

ઉપરોક્ત સર્વ દાતાઓનો ખુબ ખુબ આભાર - આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સર્વનો આભાર.



# હૈદરાબાદ - સિકંદરાબાદ



## કચ્છી વિસા ઓસવાલ સમાજ, હૈદરાબાદ અને
## શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, હૈદરાબાદ
ના સંયુક્ત ઉપક્રમે **લગ્નોત્સુક યુવક-યુવતિ**

## અલ્કા વૉચ પરિચય મિલન Alka Watch PARICHAY MILAN

કાર્યક્રમ સહયોગી : **શ્રીમતી મીનાબેન ગુલાબચંદ પદમશી મોતા**, કચ્છ-કુંવાપધર, હાલે હૈદરાબાદ

કાર્યક્રમના અતિથિ વિશેષ : સિનિયર ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ - લગ્ન સંસ્થા વિષયના નિષ્ણાત

**શ્રી અતુલભાઈ ભેદા (મુંબઈ)**

પ્રાસંગિક લગ્ન વિષયક સમસ્યાઓ અને ઉકેલ વિશે વિસ્તૃત સંબોધન કરશે.



**અલ્કા વૉચ પરિચય મિલન શુભ દિવસ રવિવાર તા. ૬-૩-૨૦૧૬**

**સવારના ૮.૩૦ થી સાંજે ૪.૩૦**

**સ્થળ : શ્રી કચ્છી ભવન, રામકોટ, હૈદરાબાદ**

### વિશેષ નોંધ

પરિચય મિલનમાં ભાગ લેવા ઈચ્છુક ઉમેદવારો માટે ફોર્મ જમા કરાવવાની અંતિમ તા. ૨૦-૨-૨૦૧૬ કરવામાં આવી છે.

આંધ્રપ્રદેશ - તેલંગાણાના ઉમેદવારો માટે સિમિત પરિચય મિલન આયોજન માટે સંતોષજનક પ્રતિસાદ સાંપડ્યો છે. ધારણા મૂજબ ઉમેદારારોની એન્ટ્રીઓ પ્રાપ્ત થયેલ છે.

### વિશેષ વિનંતિ

હજી પણ જે ઉમેદવારોએ ફોર્મ ન ભર્યા હોય તેઓએ વિના સંકોચ ફોર્મ ભરી પરિચય મિલનમાં ભાગ લે તેમજ વડીલો પણ આ સહિયારા પ્રયાસને સફળ બનાવવા કટિબધ્ધ બને. આપણી આસપાસમાં વસતા ઉમેદવારોને પણ પરિચય મિલનમાં જોડાવવા પ્રેરણારૂપ બનીએ.

સગપણ-લગ્ન વિચ્છેદ તેમજ વિધવા વિધુર પાત્રો પણ નિઃસંકોચ ફોર્મ ભરી શકે છે.

ફોર્મ મેળવવા - ભરવા - વધુ માહિતિ માટે સંપર્ક

પરિચય મિલન કન્વીનરો

| રતિલાલ છેડા | દિનેશ ગોસર | મોનિક ધરમશી | કીર્તિ મોમાયા |
|---|---|---|---|
| 93944 54556 | 92461 99011 | 98490 22888 | 98485 83601 |

**નીતિન શીવજી ધરોડ**, પ્રમુખ
કચ્છી વિસા ઓસવાલ સમાજ, હૈદરાબાદ

**ધનપત લાલજી મોતા**, પ્રમુખ
શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, હૈદરાબાદ

*Whatever our souls are made of, his & mine are the same.*

આવેલ દાનની વિગત

| દાતાઓના નામ | આશ્રમ રૂા. | ગૌશાલા રૂા. એક ઓટો | ડાયાલીસીસ (એક ના રૂ.૫૦૦લેખે) | પીપલ્સ ફોર એનીમલ | હોસ્પિટલ | જીવદયા (કબુતરને ચણ) | અનાજ યોજના |
|---|---|---|---|---|---|---|---|
| શ્રી નરેશ શાહ | - | - | ૨ | - | - | - | - |
| શ્રીમતી લક્ષ્મીબેન સી. ગાલા | - | ૫૦૦ | ૧ | - | - | ૫૦૦ | - |
| એક સદ્‌ગ્રહસ્થ તરફથી | ૫૦૦ | ૫૦૦ | ૧ | ૫૦૦ | ૫૦૦ | ૫૦૦ | - |
| ચી. જૈનીલ પંકજ દેઢીયા જન્મદિન નિમિત્તે | ૫૦૦ | ૫૦૦ | ૧ | - | - | - | - |
| સંદિપ વી. નાગડા | - | - | - | ૧૦૦૦ | - | - | - |

# શાંતિવન સમિતિ

સંચાલક : **હંસકુમાર રાયચંદ સાવલા**
ફોન. ૯૨૪૬૫૩૨૫૪૫

જીવનના હિંચકાઓથી થાકીને નિરાંતથી શ્વાસ લેવાનું જ્યારે મન થાય ત્યારે હોસ્પીટલના ICCU ના A.C. રૂમમાં સુવડાવશો નહીં પણ બગીચાના એકાદ ઝાડ નીચેના બાંકડા ઉપર બેસાડશો.

મનુષ્ય જીવનના આ કટુ સત્યને ધ્યાનમાં લઈ આપણા વડિલોને નિસર્ગના આલ્હાદક વાતાવરણમાં **રવિવાર તા. ૨૭ માર્ચ ૨૦૧૬ના ગોલ્ડન રીસોર્ટ** (ગુરૂકુલની બાજુમા) એક પર્યટનનો આયોજન કરવામાં આવેલ છે. વહેલા તે પહેલોના ધોરણે મર્યાદીત ૨૦૦ જણનું આ પર્યટનમાં સમાવેશ કરવામાં આવશે. નકરો રૂા. ૧૫૦/- રાખવામાં આવેલ છે. શ્રી કચ્છી ભવન રામકોટથી બસની વ્યવસ્થા છે. પોતાના વાહનમાં આવવા ઈચ્છુક પોતાના વાહનમાં આવી શકશે. પરન્તુ મુકરર નકરો આપવાનો રહેશે તથા બસ ઠીક સાત વાગે ઉપાડવામાં આવશે. સવારનો નાસ્તો, બપોરનું જમણ તથા સાંજના હાઈ-ટીની વ્યવસ્થા છે. વિવિધ રમત-ગમત તથા મનોરંજનના કાર્યક્રમ આવરી લેવામાં આવશે. જ્ઞાનવર્ધક તથા વડિલોના સુખાકારી પ્રવૃત્તીઓ બાબત ચર્ચા વિચારણા થશે. અનુકુળતા મુજબ અમલ કરવાનો પણ પ્રયત્ન થશે. ઉપરોક્ત કાર્યક્રમમાં વધારે થી વધારે જોડાઈએ એ ઈચ્છનીય છે. ટિકીટ તા. ૧૫ માર્ચથી કચ્છી ભવનની ઑફિસમાં, ઑફિસ સમય દરમ્યાન મળશે.

સાથે સાથે એક નિબંધ સ્પર્ધા પણ રાખવામાં આવી છે.

વિષય : ૧) શાંતીવન સમિતી પાસેથી મારી અપેક્ષાઓ ૨) શાંતીવન સમિતી માટે હું શું કરી શકુ છું ?

બન્ને વિષયમાંથી એક વિષય ઉપર અથવા બન્ને વિષયોને જોડી એના ઉપર પેપરના એક બાજુ સુવાચ્ય અક્ષરોમાં તા. ૨૫ માર્ચ ૨૦૧૬ સુધી શ્રી કચ્છી ભવનની ઑફિસમાં મોકલી આપવા વિનંતી. નિબંધ સ્પર્ધા માટે કોઈ વય મર્યાદા તથા અક્ષર મર્યાદા નથી. તથા ગુજરાતી, હિન્દી તથા અંગ્રેજી ભાષામાં નિબંધ લખી શકો છો.

પ્રથમ, દ્વિતીય, તૃતીય તથા પ્રોત્સાહાત્મક ઈનામથી પ્રત્યેક સ્પર્ધકને પર્યટન દરમ્યાન નવાજવામાં આવશે.

**છેડા ટ્રાવેલ્સ** **ઈનોવા, વીસ્ટા, ઈન્ડીકા, તુફાન, ટ્રાવેરા, બસ વગેરે**

**કાર ભાડેથી મેળવવા A/c. - Non A/c.**

સંપર્ક : હીરાચંદ એલ. છેડા (સુથરીવાળા) - ૯૮૭૯૩ ૫૭૨૪૬

**C/o.** સવાણી ટ્રાન્સપોર્ટ, ભીડ બજાર, ભુજ - કચ્છ.૩૭૦ ૦૦૧



(જા.ખ.૬-૨૦૧૬)

# કચ્છી ઓસવાલ મ્યુચ્યુલી એડેડ
# કો-ઑપરેટીવ ક્રેડિટ સોસાયટી લી.

## હૈદ્રાબાદ

**ફોન : ૦૪૦-૨૪૭૫ ૨૧૮૫**

**તા. ૨૯-૧-૨૦૧૬ નાં મળેલ બોર્ડ ઓફ ડાયરેક્ટર્સની મિટીંગમાં નીચે મુજબ નિર્ણય લેવામાં આવેલ છે. સોસાયટીનાં સભ્યોને નોંધ લેવા વિનંતી.**

૧) આગામી વર્ષ ૧ એપ્રીલ ૨૦૧૬ થી નિરંતર ડીપોજીટ ઉપર ૮ ટકા (આઠ ટકા) વ્યાજ આપવાનું નક્કી કરવામાં આવેલ છે. જેની સભ્યોએ નોંધ લેવા વિનંતી.

૨) સ્વાસ્થ્ય સુરક્ષા યોજના : વર્ષ ૨૦૧૬-૨૦૧૭ નાં વર્ષ માટે પ્રિમીયમ તા. ૮-૨-૨૦૧૬ થી તા. ૨૦-૨-૨૦૧૬ સુધીજ સ્વીકારવામાં આવશે. લાભ લેનાર સભ્યોને પ્રિમીયમની રકમની જાણ કરવામાં આવેલ છે. જે સભ્યોને માહિતી ન મળી હોય અથવા વધારે જાણકારી માટે સોસાયટી નાં કાર્યાલયનો સંપર્ક કરવો. ઉપરોક્ત યોજનામાં નવા સભ્યો પણ જોડાઈ શકે છે.

**સંજય ગાલા**
ચેરમેન

**અરવિંદ છેડા**
મેનેજીંગ ડાયરેક્ટર

(જા. ખ.)

# બૃહદ ગુજરાતના સંશોધન માટે ચેર રચાશે

હૈદરાબાદ ખાતે કચ્છી મિત્ર મંડળના યજમાન પદે યોજાયેલા ગુજરાત ઈતિહાસ પરિષદના જ્ઞાનસત્રના આરંભે વિવિધ મુદ્દે ચર્ચા કરાઈ : ગુજરાત ભરના ઈતિહાસકારોએ ૨ દિવસ સુધી ગુજરાતના ઈતિહાસ પર મંથન કર્યું.

કચ્છી મિત્ર મંડળના સહયોગથી ગુજરાત ઈતિહાસ પરિષદના બે દિવસીય ૨૧મુ જ્ઞાનસત્ર કચ્છી ભવનમા જાન્યુઆરી તા. ૯ અને ૧૦ દરમ્યાન યોજાઈ ગયું. હૈદરાબાદમાં આગમન પછી ગુજરાત ઈતિહાસ પરિષદના પ્રમુખ નરેશ અંતાણીએ પરિષદનો ઈતિહાસ જણાવતાં જણાવ્યું હતું કે, ઈતિહાસ પરિષદ ૫૬ વર્ષ જૂની સંસ્થાના છે જે ગુજરાતના ઈતિહાસ સંશોધન અને પ્રકાશનની ગતિવિધિઓ કરી રહી છે. આ સંસ્થાન ૯૦૦ થી વધુ સભ્ય છે.

તેમણે કહ્યું કે સ્થાપના બાદથી સંસ્થા એક વર્ષે જ્ઞાનસત્ર અને એક વર્ષે અધિવેશનનું આયોજન ભારતના વિભિન્ન શહેરમાં યોજતી રહી છે હજુ સુધી જયપુર, કોટા, કોલકાતા, મુંબઈ, દિલ્હી, હૈદરાબાદ જેવા મથકોએ આયોજન થઈ ચૂક્યું છે. પ્રતિવર્ષ આયોજકો દ્વારા વિવિધ વિષય પર નિબંધ સ્પર્ધાનું પણ આયોજન કરાય છે અને સફળતા મેળવનારાઓને સુવર્ણ અને રજત પદકથી સન્માનિત કરવામાં આવે છે.

આ વર્ષના જ્ઞાન સત્રનું આયોજન કચ્છી મિત્ર મંડળ હૈદરાબાદ અને સાંધી સિમેન્ટના સહયોગથી કરવામાં આવ્યું હતું. આ જ્ઞાનસત્રનો આરંભ ૯મી તારીખના સવારે થયો હતો અને સમાપન તા. ૧૦ને રવિવારે થયું હતું. ગુજરાત, મુંબઈ, ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશમાંથી આવેલા ૨૫થી વધારે ઈતિહાસકારો વિવિધ વિષ્ય પર શોધપત્ર રજૂ કર્યા હતા અને ચર્ચામાં પણ કરી હતી.

જ્ઞાનસત્રનું ઉદ્‌ઘાટન : ગુજરાતના નાનામાં નાના ગામમાં સર્વાંગી ઈતિહાસ લેખનની આવશ્યકતાનો સ્વીકાર ગુજરાત ઈતિહાસ પરિષદના બે દિવસના ૨૧ મા જ્ઞાન સત્રના આરંભે વિવિધ વક્તાઓએ કર્યો હતો. કચ્છી મિત્ર મંડળ હૈદરાબાદના યજમાનપદે આરંભાયેલા જ્ઞાનસત્રમાં કચ્છી મિત્ર મંડળના પ્રમુખ સુશીલભાઈ કાપડિયાએ પોતાના દાદા ટોકરશી લાલજી કાપડિયાની જન્મ શતાબ્દીના ઉપલક્ષમાં ગુજરાત ઈતિહાસ પરિષદમાં તેમની સ્મૃતિમાં એક ચેર સ્થાપવાની જાહેરાત કરતાં એ દ્વારા બૃહદ ગુજરાતમાં વસેલા ગુજરાતીઓ અને ગુજરાતી સમાજનો ઈતિહાસ તથા જે તે રાજ્યના વિકાસમાં ગુજરાતીઓના પ્રદાન અંગે સંશોધન કરવામાં આવશે.

ગુજરાત-મુંબઈ તથા હૈદરાબાદમાંથી ઉપસ્થિ રહેલા ગુજરાતી ઈતિહાસકારો તથા હૈદરાબાદ કચ્છી અને ગુજરાતીઓની હાજરીવાળા ઉદ્‌ઘાટન સમારંભને સંબોધતાં ગુજરાત ઈતિહાસ પરિષદના પ્રમુખ નરેશ અંતાણીએ હૈદરાબાદ ખાતે કચ્છી મિત્ર મંડળના નિમંત્રણથી યોજાયેલા જ્ઞાનસત્રની પૂર્વ ભૂમિકા જણાવતાં ગુજરાતના નાનામાં નાના ગામનો ઈતિહાસ લખાવાની જરૂરિયાત પર ભાર મૂક્તાં કચ્છના ભોજાય ગામનો ઈતિહાસ લખાવવાના કરાયેલા આયામની વિગતો આપી હતી.

ગુજરાત ઈતિહાસ પરિષદ ટ્રસ્ટી ડૉ. સુભાષભાઈ બ્રહ્મભટ્ટે ગુજરાત ઈતિહાસ પરિષદની સંશોધન પ્રવૃત્તિઓની વિગતે વાત કરી હતી.

કચ્છી મિત્ર મંડળના મંત્રી પ્રેમચંદ કે. છેડાએ કચ્છી મિત્ર મંડળનો પરિચય આપ્યો હતો. આ અવસરે જ્ઞાનસત્રના સંયોજક પ્રદીપભાઈ સંઘવીએ કચ્છી મિત્ર મંડળના સવાસો વર્ષનો ઈતિહાસ રજૂ કર્યો હતો. ગુજરાત ઈતિહાસ પરિષદના મંત્રી વસંત પટેલે પરિષદની છ દાયકાની સફરની વિગતે વાત કરી હતી. પરિષદના ઉપપ્રમુખ ડૉ. હર્ષદ બ્રહ્મભટ્ટ તથા હરિભાઈ સાવલાએ પ્રાસંગિક પ્રવચન કર્યા હતા.

**You are beautiful....we just compliment it!**

abha
be gorgeous

BEAUTY & HAIR SERIVCES | SPA | TRAINING WORKSHOP

by Bhavini Patel

Now at New & Spacious Space

- Bridal Mehendi
- Body Spa
- Ultrasonic Treatment
- Bridal HD Make-up
- Hair Spa & Treatment
- Foot & Hand Spa
- Bridal Packages
- Stone Theorpy

Designer Mehendi & Grooming Classes

3-4-58/2, Lingampally. Opp. Raghavendra Temple, Kachiguda,
Hyderabad - 500 027. Ph : 99081 83870 E-mail : bhavinipatel.abha@gmail.com
Monday to Saturday 11.00 am to 8.00 pm - Sunday Closed

(જા.ખ.)

**BIJAL'S DENTAL CARE**

*Dr. Bijal Popat (B.D.S.)*
*Multi Speciality Dental Clinic*

*For All the Teeth & Gum related problems*
*12 years of Clinical Experience*

**Timings : 10.00am to 6.00pm (Mon - Sat)**
**By Appointment : 6.00pm to 8.00 pm (Mon - Sat)**
**10.00 am to 1.00 pm (Sunday)**

**ડૉ. બીજલ પોપટ – ૭૭૯૯૪ ૨૧૧૧૯**

# H.No. 3-4-226/2,3, Lane Beside Venkatramna Theatre,
Opp. Jain Mandir, Kachiguda, Hyderabad-500 027.
Ph : 77994 21119, E-mail : drkotecha_bijal@yahoo.co.in

(જા.ખ.)

આ અગાઉ પરિષદના પ્રમુખ નરેશ અંતાણી, કચ્છી મિત્ર મંડળના પ્રમુખ સુશીલ કાપડિયા, રાજીવ મામણિયા, જયંત ગડા, સુભાષ બ્રહ્મભટ્ટ સહિતના આગેવાનોએ દીપ પ્રાગટ્ય દ્વારા જ્ઞાનસત્રનો આરંભ કરાવ્યો હતો.

કચ્છી મિત્ર મંડળના પૂર્વ મંત્રી અને જ્ઞાનસત્રના સંયોજક પ્રદીપભાઈ સંઘવીએ ઉદ્‌ઘાટન બેઠકનું સંચાલન કર્યું હતું, જ્યારે અન્ય સંયોજક અને સહમંત્રી દિનેશ ગોસરે આભારવિધિ કરી હતી. અશ્વિન પ્રભુલાલ શાહ તથા શ્રેયસ કિરણ શાહે સહયોગ આપ્યો હતો.

ઉદ્‌ઘાટન સમારંભ પછી યોજાયેલા જુદાજુદા સત્રોમાં ગાંધીજી અને તેના જીવન અને કવન સંદર્ભમાં જુદાજુદા વિષયો પર વિવિધ વક્તાઓએ પોતાના શોધપત્રો રજૂ કર્યા હતા અને તેની ચર્ચા યોજાઈ હતી. બન્ને સત્રના અધ્યક્ષ તરીકે અનુક્રમે હર્ષદ બ્રહ્મભટ્ટ તથા પ્રહ્‌લાદ બ્રહ્મભટ્ટ રહ્યા હતા.

આ અવસરે મંડળના લહેરચંદ લોડાયા, રમણીક નાગડા, અરવિંદ છેડા, રિદ્ધેશ જાગીરદાર, પંકજભાઈ સાવલા, રમેશ મણિલાલ શાહ, લક્ષ્મીચંદ કેનિયા, વસંતભાઈ વોરા વિ. હાજર રહ્યા હતા.

---

## પત્રપેટી




સૌ પ્રથમ આજ સુધી "નિયાપો" એ હાંસીલ કરેલ પ્રગતી માટે અભિનંદન. દિવસે દિવસ સુંદર છપાઈ, સમાજના સમાચારો તથા વાંચવા યોગ્ય ભરપૂર સાહિત્ય પ્રાપ્ત થાય છે, જે ખરખર અભિનંદનને પાત્ર છે. જાન્યુઆરી ૨૦૧૬ ના નિયાપોના અંકમાં આપશ્રીએ કરેલ અપીલના અનુસંધાનમાં મારા વ્યક્તીગત સુઝાવ મોકલાવું છું યોગ્ય લાગે તો ઘટતું કરશો.

૧) 'વાચકો લખે છે' - આ કોલમ શરૂ કરી વાચકોના મૌલીક વિચાર તથા સુઝાવ પ્રકાશીત કરવા.

૨) 'માસીક રાશી ભવિષ્ય' - કોઈ પણ પ્રકાશનનું આ એક મુખ્ય આકર્ષણ છે. માટે આ બાબત પણ ગંભીરતાથી વિચારી શકો છો.

**- હંસકુમાર રાયચંદ સાયલા**


**Advertising - Designing - Printing - Flex Banners, Computerised Horoscope, Kundli Match Making, in Hindi, Gujrati, Telugu & English LanguagE., Advertisements in Leading News papers, For Bulk SMS, Multi Colour Stickers for Marriage LOGO Designing, Broucher & Souvenir Priting**



**CHANDRAPRABHA GRAPHICS**

**Paras Ramesh Jagirdar 66680780, 40047999**

**TUITIONS FOR LKG TO X CLASS STUDENTS**

at Flat No. 3C, Kanaka Durga Apartment, Lane Beside Venkataramana Theatre, Near Jain Temple, Kachiguda, Hyderabad-500 027.

**TORAL RIDESH JAGIRDAR, Ph : 99592 55557, 040-66623337**

(જા. મ.)



**દરેક પ્રકારના લાઇફ તથા જનરલ વીમા માટે સંપર્ક કરો :**

**લક્ષ્મીચંદ કેનિયા** M.A. MDRT (USA)

ઓફિસ : ૪-૪-૨૨૮, ઈન્દ્રબાગ, સુલતાન બજાર, હૈદરાબાદ - ૫૦૦ ૦૯૫.

નિવાસ : ફ્લેટ નં. ૧૦૭-૧૦૮, શ્યામ એન્ક્લેવ, આર્ય સમાજ મંદિરની સામે, બડી ચાવડી, સુલતાન બજાર, હૈદરાબાદ ૫૦૦ ૦૯૫. ફોન. (નિ.) ૬૪૫૬૨૭૫૪ (મો.) ૯૮૪૯૬ ૪૭૨૫૯

(જા. મ. ૩-૨૦૧૬)

## સંસ્થા સમાચાર

❖ **શ્રી કચ્છ આઠકોટી નાની-પક્ષ હૈદ્રાબાદ સ્થાનકવાસી જૈન સંઘ :** તા. ૧૭-૧-૨૦૧૬ના રવિવારે સવારે ૧૦ થી ૧૨ વાગ્યા સુધી શ્રી જૈન યુથ ફોરમનાં સુવક્તા શ્રી મનીશ શાહ તથા શ્રી મનીશ મેહતા દ્વારા યોજાયેલ ધર્મ-મંથન કાર્યક્રમ ખૂબજ સફળ રહ્યો. લગભગ ૭૦ જેટલી વ્યક્તિઓએ ખૂબજ રસપૂર્વક સાંભળ્યો. યુવાનો આવા કાર્યક્રમોમાં ભાગ લઈ રહ્યા છે. એ આનંદની વાત છે.

આગામી બે મહિનાનાં કાર્યક્રમોની જાણકારી નીચે મુજબ છે : (૧) ૨૮મી ફેબ્રુઆરી ૨૦૧૬ રવિવાર સુવક્તા : જે.વૈ.એફ. હર્ષ જયંત ગડા (ગુંદાલા), સ્થળ : શ્રી કચ્છી ભવન, સમય : સવારના ૧૦.૦૦ થી ૧૨.૦૦ વિષય : "સંસાર સપના, કોઈ નહીં અપના" (૨) ૨૭ મી માર્ચ ૨૦૧૬ રવિવાર, સુવક્તા : જે.વૈ.એફ. શ્રી વૈભવ વિરેન્દ્ર ચંદ્રુઆ (બગડા), સ્થળ : શ્રી કચ્છી ભવન, સમય : સવારના ૧૦.૦૦ થી ૧૨.૦૦, વિષય : "ટોનિક ઓફ ધ ડે, નવકાર મહામંત્ર" ધર્મ-પ્રેમી ભાઈ બહેનો તથા યુવાઓને ભાગ લેવા નમ્ર વિનંતિ.

## જીવન ચક્ર

### શુભલગ્ન

| | | |
|---|---|---|
| ચિ. પાયલ હસમુખ કાપડીયા | પત્રી | હૈદરાબાદ |
| ચિ. અમીત હરેશ છેડા | પુનડી | મદુરાઈ |
| ચિ. વર્તિકા હરિશ પદમશી મોતા | કુવાપધર | હૈદરાબાદ |
| ચિ. કેવલ લલીત દેવશી લોડાયા | વરાડીયા | કોચીન |
| ચિ. ચૈતાલી રમેશ એસ સંઘવી | બેંગલોર | મુંદ્રા |
| ચિ. યકીન જીતેશ ડી. શાહ | સીકંદ્રાબાદ | મુંદ્રા |

**ફોન નંબરમાં ફેરફાર : દેવચંદ ઉમરશી દેઢિયા - ૦૪૦-૪૦૧૮ ૮૬૯૩**


# VIDEO TO DVD

**Double your money in 6 months (White Money only)**

**Cell : 93476 49457, 73067 09298**

**93953 47264, 93924 18463**

(જા.ખ.)

# CHERIAN NATIONAL

## Motor Driving School

Pick up & Drop

**(ESTD. 1962)**

✶ CONTACT ✶

5-9-169/4, Nampally, Chapel Road,

Hyderabad **Cell : 98495 84518**

(જા.ખ.૬-૨૦૧૬)

# સભ્યપદ સમિતિ

સંચાલક: લહેરચંદ ટોકરશી લોડાયા
૯૨૪૬૫ ૩૧૦૬૬

શ્રી કચ્છી મિત્ર મંડળની જાન્યુઆરી માસની સંયુક્ત સભામાં નિમ્ન લિખિત ૨૫ વ્યક્તિઓની આજીવન સભ્યપદ માટેની અરજીઓને મંજૂર કરવામાં આવેલ છે.

| | નામ | ગામ | જ્ઞાતી | મેમ્બરશીપ નંબર |
|---|---|---|---|---|
| ૧ | દુર્લેશ નરેન્દ્ર વોરા | મુંદ્રા | કવિઓ | D/1028/1/16 |
| ૨ | ઉમેશ નરેન્દ્ર વોરા | મુંદ્રા | ક.વિ.ઓ. | U/1006/1/16 |
| ૩ | દેવિકા સુશીલ કાપડિયા | પત્રી | ક.વિ.ઓ. | D/1029/1/16 |
| ૪ | અંકિત જવેરચંદ મૈશેરી | બાંઢીયા | ક.દ.ઓ. | A/1017/1/16 |
| ૫ | જ્યોતિ મહેશ સોમૈયા | મુંદ્રા | લોહાણા | J/1023/1/16 |
| ૬ | વંદના વૃજમોહન ચાવડા | અંજાર | ક્ષત્રીય | V/1026/1/16 |
| ૭ | ચંદ્રેશ પ્રફુલ ગાલા | ભારાપર | ક.વિ.ઓ. | C/1009/1/16 |
| ૮ | દિપક ભાવેશ જોષી | કોટડા જળોદર | બ્રાહ્મણ | D/1030/1/16 |
| ૯ | પ્રીતિ વિમલ બોરીચા | હમીરપુર | ગુર્જર | P/1030/1/16 |
| ૧૦ | વિરલ લલિત મહેતા | મસ્કા | બ્રાહ્મણ | V/1027/1/16 |
| ૧૧. | કોકીલા કીર્તિ પારેખ | માંડવી | ગુર્જર | K/1041/1/16 |
| ૧૨. | હર્ષ નરેશ ગાલા | સામખીયારી | ક.વિ.ઓ. | H/1034/1/16 |
| ૧૩. | કપિલ રમેશ દોશી | માંડવી | ગુર્જર | K/1042/1/16 |
| ૧૪. | તેજલ જેકીન સાંઈયા | બેરાજા | ક.વિ.ઓ. | T/1010/1/16 |
| ૧૫. | મનીષ મધુસુદન શાહ | ભુજ | ગુર્જર | M/1038/1/16 |
| ૧૬. | સાગર હેમંત સાવલા | મોટા લાયજા | ક.વિ.ઓ. | S/1033/1/16 |
| ૧૭. | નરેન્દ્ર ગાંગજી ગડા | સાભરાઈ | ક.વિ.ઓ. | N/1032/1/16 |
| ૧૮. | કુણાલ મનસુખલાલ ખંડોર | મોટી ચીરઈ | ગુર્જર | K/1043/1/16 |
| ૧૯. | સિદ્ધાર્થ રાહુલ સંઘોઈ | ટોડા | ક.વિ.ઓ. | S/1034/1/16 |
| ૨૦. | તેજશ વિપુલ મારૂ | ગોધરા | ક.વિ.ઓ. | T/1011/1/16 |
| ૨૧. | હિમાંશુ ગીરીશ કારીયા | અંજાર | લોહાણા | H/1035/1/16 |
| ૨૨. | શ્વેતા અમિત ઝવેરી | ભુજ | ગુર્જર | S/1035/1/16 |
| ૨૩. | રેખા રણજીત જાડેજા | સમાઘોઘા | ક્ષત્રીય | R/1026/1/16 |
| ૨૪. | હિરલ નયન ગંગર | મેરાઉ | ક.વિ.ઓ. | H/1036/1/16 |
| ૨૫. | જેનિષ મુકેશ ગાલા | છસરા | ક.વિ.ઓ. | J/1024/1/16 |

**ઉપરોક્ત સર્વે સભ્યોને મંડળ વતી હાર્દિક અભિનંદન....**

ANGEL KIDS
PRE-SCHOOL FOR EXCELLENCE

A structured Preschool program that integrates Philosophy, Curriculum, Materials, Assessment and Teacher Training

## AGE GROUP: 1 1/2 - 6 YEARS

How would you choose the

# Right Preschool for your child?



- Is early learning all about learning through fun, music, art, fantasy or is there more?
- What is the right age to send your child to a Preschool?
- Is it better to send your child to a regular K-12 School or an Early Education Centre?
- What is the meaning of Curriculum in a Preschool?
- What is Montessori, Kindergarten, Play Way, Multiple- Intelligence etc.?
- Do children learn best individually, in small groups or large ones?
- Does technology hurt or help the learning of a young child?
- Will your child be able to transition well into class 1 in a regular school?
- What difference can quality early education make to a child's later learning?

**Please visit us for answers to all the above and more.**

**RUSH ! TO AVAIL EARLY BIRD OFFER**

*Angel Kids now upgrades to a superior curriculum drawn from scientific & tested early education theories.*

| CURRICULUM | ASSESSMENT | OBJECTIVES | MATERIALS | TEACHERS |
|---|---|---|---|---|
| Drawn from scientific & tested early education theories. | Very specific. Helps promote appropriate development. | Compliant with ALL respected Early Education policies. | Non toxic, beautiful & scientific. Designed for curriculum. | Intensively trained on every aspect of the methodology. |








## Annual day on 19th February 2016

**Between 5.30 PM to 9.00 PM**

**OPEN TO ALL**

Address : 3-4-16, Dr. Bhoomanna Lane, Kachiguda. Contact : 9391002258 / 27568384

Also visit us at: www.facebook.com/angelkids.preschool

(જા.ખ.)

# SHIKSHAN SAMITHI

Convenor : **Mrs Vasanti Shah**
Ph. 9849547543

